તમારો મનગમતો ફેસ્ટિવલ કયો?

વિશ્વમાં ભારત જ કદાચ એવો દેશ હશે જ્યાં સૌથી વધુ તહેવારો ઉજવાય છે અને ફેસ્ટિવલ મિત્રો, પરિવાર સાથે સેલિબ્રેટ કરવા માટે સરકારી અને અર્ધ સરકારી કાર્યાલયોમાં રજાઓ જાહેર કરવામાં આવતી હોય છે. સ્કૂલોમાં તો લગભગ દરેક તહેવારની રજા ડીકલેર કરવામાં આવે છે. માણસ રોજ એકધારું કામ કરે તો તેનું જીવન નીરસ બની જાય. જીવનમાં ઉત્સાહ, ઉમંગનો અભાવ જોવા મળે. માણસને પ્રફુલ્લિત રાખવા, તેને ઊર્જાવાન બનાવવા માટે તહેવારોની ઉજવણી જરૂરી હોય છે. આપણે ત્યાં વર્ષના મોટાભાગના દિવસોમાં કોઈ ને કોઈ નાનામોટા તહેવાર હોય છે. દરેક વ્યક્તિને કોઈ ને કોઈ ફેસ્ટિવલ સૌથી વધારે ગમતો હોય. દિવાળી રોશનીનો તહેવાર છે તો હોળી-ધુળેટી રંગોનો તહેવાર છે. પતંગ ઉત્સવ બધાંને સ્નેહની દોરીમાં એક સાથે બાંધે છે. દરેક વ્યક્તિની કોઈ ને કોઈ લાગણી કે પછી કોઈ યાદ કોઈ ને કોઈ ઉત્સવ સાથે જોડાયેલી હોય છે એટલે જ દરેકને અલગ અલગ ફેસ્ટિવલ્સ પસંદ હોય છે. તો ચાલો આપણે કેટલાક સુરતીઓને મળીએ અને તેમની પાસેથી જાણીએ કે તેમને કયો ફેસ્ટિવલ સૌથી વધારે ગમે છે અને શા માટે ગમે છે?

ચંદી પડવા પર જ કલકત્તા શોપિંગ માટે ગયા હતા ત્યાં બહુ શોધી પણ કશે ઘારી નહીં મળી: પૂજા મહાત્મા

સલાબતપુરા વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય પૂજા સાગરભાઈ મહાત્મા આમ તો વ્યવસાયે ઈન્ટિરિયર ડિઝાઈનર છે પણ હાલ તેમનું બાળક નાનું છે એટલે તેઓ ઈન્ટિરિયર ડિઝાઈન માટે કોઈ પ્લાન આવે તો ઘરે બેસીને ડ્રોઈંગ કરે અને સાઈટ વિઝિટ કરતા હોય. પૂજાબેને જણાવ્યું કે, ‘‘ચંદી પડવો આપણા સુરતીઓનો પોતીકો તહેવાર છે. સુરત સિવાય બીજે કશે પણ તમને ઘારી ખાવા નહીં મળે. બાળપણથી જોતા આવ્યા છીએ કે, ચંદી પડવાના એક દિવસ પહેલાં શરદપૂર્ણિમાના દિવસે ચાંદામામાની પૂજા કરવાની. દૂધપૌંઆ ચાંદામામાને ધરાવાય. વાટકીમાં દૂધપૌંઆ મૂકવાના અને પછી વિશ માંગવાની જે પૂરી થતી હોવાનું માનવામાં આવે છે. એના બીજા દિવસે ચંદી પડવો ઉજવાય. બાળપણથી ઘરે ઘારી બનાવતા જોતા આવ્યા છીએ. ઘરે ઘારીની ગિફ્ટ આવે, બીજાને ઘારી મોકલવાની. પરિવારના બધાં સાથે ભેગા થઈ ઘારી - ભૂસાની મજા લેવાની. આવું ગેટ ટુ ગેધર મને બહુ ગમે. દર વર્ષે ઘારી ખાવાની પરંપરા અમે જાળવી રાખી છે પણ થોડાં વર્ષ પહેલાંની વાત છે. મારા ભાઈના મેરેજનું શોપિંગ કરવા અમે કલકત્તા ગયાં હતાં. ત્યારે ત્યાં ચંદી પડવાના દિવસે અમને ઘારી ખાવી હતી પણ મારા ફાધર ત્યાં ઘણી જગ્યા પર મીઠાઈની દુકાનોમાં ઘારી શોધતા હતા પણ કશે નહીં મળી. ત્યાં તો કોઈને ઘારી વિશે કાંઈ ખબર જ નહીં. એ વર્ષે અમને ઘારી ખાવા નહોતી મળી. આ વખતે અમે પાર્ટીમાં બધાં ભેગાં થઈને ઘારી ખાવાની મજા લીધી હતી. મારાં સાસુસસરાએ ઘરે જ ઘારી ખાવાની મજા લીધી હતી. હવે તો અમે ઘરે ઘારી નથી બનાવતાં પણ એક ફેમિલીને ઘારી બનાવવાનો ઓર્ડર આપીએ. મને તો માવા ઘારી અને ચોકલેટ ઘારી બહુ જ ભાવે.’’

ઉત્તરાયણના દિવસે જૂના ઘરે મિત્રોના ફેમિલી સાથે પતંગ ઉડાવવાની મજા લઈએ: કેતન જરીવાળા

કેતનભાઈનો મનગમતો ફેસ્ટિવલ એટલે ઉત્તરાયણ. પહેલાં જ્યારે તેઓ સલાબતપુરા વિસ્તારમાં રહેતા. ત્યાં બાળપણમાં ચાલના છાપરા પર બે દિવસ મેળો જામતો. તેઓ બધાં બાળસખા છાપરાના એક નાકેથી પેલા છેડા સુધી પતંગ ચગાવતાં. વાંસ પર કાંટા લગાવી ઝંડુ બનાવી પતરા પર પતંગો પકડવા દોડતા. હજી પણ તેઓ બાળપણના એ મજેદાર દિવસો ભૂલ્યા નથી. તેઓ ચારે ભાઈઓ તેમનાં ફેમિલી સાથે હજી પણ ઉત્તરાયણ જૂના ઘરે જૂના મિત્રોનાં ફેમિલી સાથે ઉજવે છે. 53 વર્ષીય કેતનભાઈ જરીવાળા કાપડ વણાટના બિઝનેસ સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું કે, ‘‘અમારા ચાર ભાઈઓનાં ફેમિલી ન્યૂ સિટીલાઈટ વિસ્તારમાં જ રહે છે પણ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ તો અમે ચારે ભાઈઓનાં ફેમિલી સલાબતપુરાના જૂના ઘરે જ ઊજવીએ. ઉત્તરાયણના ચાર કે પાંચ દિવસ પહેલાં અમે ડબગરવાડમાંથી 500 પતંગ ખરીદી લાવીએ અને અમારાં બાળકો કિન્ના બાંધે. ઘરની સ્ત્રીઓ ઊંધિયું, પૂરી બનાવે. બપોરે ધાબે બધા ટોળામાં જમવા બેસે. રાત્રે પણ કોઈ પણ એક સિંગલ ડીશ જેમ કે, મિસળ પાંઉ વગેરે બને અને તેની મજા પણ ધાબા પર જ લઈએ. બાળપણમાં તો પતંગ પકડવા બાબતે મહાભારત પણ ખેલાતું. દરેક ઘરોમાં ચોળાની દાળનાં વડાં બનતાં તેની છાપરા પર ઉજવણી થતી. સાથે તલના લાડુ અને બોર તો ખરા જ. તે સમયે સવારે છ વાગે અમે બધાં ઊઠી જતાં અને છાપરા પર ચઢી મોડી સાંજ સુધી પતંગ ઉડાવતાં. રાત્રે જાતે બનાવેલું કંદીલ ચગાવતાં.’’

દિવાળી પછીનું નવું વર્ષ ગમે, ત્યારે નવા સંકલ્પ લઈએ અને તેને પૂરા કરવા મહેનત કરીએ: અંકુરકુમાર લીંબાચીયા

અંકુરભાઈનું માનવું છે કે, આપણે આખું વર્ષ જે ભૂલો કરી હોય તેને સુધારવાની તક નવા સંકલ્પ લઈને તેની શરૂઆત બેસતા વર્ષથી થાય છે. તેઓ આખું વર્ષ સોશ્યલ વર્ક કરતા જ હોય છે. આ સોશ્યલ વર્ક દર વર્ષે એકધારું જળવાઈ રહે તેનો સંકલ્પ તેઓ બેસતા વર્ષે લેતા હોય છે. ઉધના વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય અંકુરકુમાર લીંબાચીયા વ્યવસાયે એડવોકેટ છે. 10 વર્ષથી તેઓ પ્રેક્ટિસ કરી રહ્યા છે. પીડિતોને ન્યાય અપાવવાનું કામ તો તેઓ કરે જ છે સાથે આર્થિક રીતે કમજોર લોકોની મદદ કરવી તે તેમના જીવનનું ધ્યેય છે. અંકુરભાઈએ જણાવ્યું કે, ‘‘દિવાળી પછીનો દિવસ બેસતું વર્ષ તેમનો ફેવરિટ ફેસ્ટિવલ છે. આમ તો આપણે આપણા રિલેટિવ્ઝને રોજ નથી મળી શકતાં. કોઈ સામાજિક પ્રસંગે જ રિલેટિવ્ઝ ભેગા થતાં હોય છે. એ સિવાય બેસતા વર્ષને દિવસે રિલેટિવ્ઝ અને મિત્રોને મળવાનો મોકો મળે છે. વડીલોને મળીને તેમના આશીર્વાદ મેળવી શકાય છે. બાળપણમાં તો પેરેન્ટ્સ પાસે જીદ કરીને નવાં કપડાં મેળવતાં. હવે કમાતા થયા છે તો ચાલશે, ચલાવી લઈશું એવું વિચારતા થયા છે કેમ કે હવે પોતાના પર જવાબદારી આવી છે. દિવાળી આવે એટલે બાળપણની એ જીદ યાદ આવી જાય અને એ દિવસો કેટલા સારા હતા એવું મનમાં ને મનમાં બોલી જવાય છે. આખું વર્ષ વ્યાવસાયિક કામમાં બિઝી રહ્યા હોઈએ ત્યારે આ જ એક એવો ફેસ્ટિવલ છે જ્યારે પરિવારની સાથે, રિલેટિવ્ઝની સાથે, મિત્રોની સાથે સારો સમય ગાળવા મળે છે. દિવાળીના સમયે અમુક ફ્રેન્ડ્સ સાથે મળીને લોકો પાસેથી જૂનાં કપડાં જે પહેરવાલાયક હોય તે કલેક્ટ કરી વ્યારા, માંડવીનાં ગામોના જરૂરતમંદોમાં વહેંચીએ. ગરીબ ઘરનાં બાળકો સાથે ફટાકડા ફોડવાનો પ્રોગ્રામ ગોઠવીએ. બેસતું વર્ષ તો મને ગમે. તે ઉપરાંત રાષ્ટ્રભક્તિ જગાવતાં 15 ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ અને 26 જાન્યુઆરી ગણતંત્ર દિવસ પણ ગમતા ફેસ્ટિવલમાં સ્થાન પામે છે.’’

નવરાત્રીની આઠમના દિવસે મારી બર્થડે હોય, ગરબાના ગ્રાઉન્ડ પર સેલિબ્રેટ કરીએ: ભાવિકા ગોહેલ

ભાવિકા ગોહેલને નવરાત્રી ફેસ્ટિવલ ગમે છે. તેનું એક કારણ નવરાત્રીની આઠમના દિવસે જ તેમનો જન્મ થયો હતો એટલે નવરાત્રી તેમનો ફેવરિટ ફેસ્ટિવલ છે જ. ઉપરાંત નવરાત્રીનું એક પણ એવું વર્ષ ના હોય જેમાં તેઓ ગરબા રમવા માટે પ્રાઇઝ ના જીત્યાં હોય. અડાજણ વિસ્તારમાં રહેતાં 28 વર્ષીય ભાવિકા યશ ગોહેલ પ્રાઇવેટ કંપનીમાં પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર તરીકે જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું 7 વર્ષની હતી ત્યારથી ગરબાના ગ્રાઉન્ડ પર ગરબા રમું છું. મારાં પેરેન્ટ્સે મને ગરબા રમવા માટે ઘણી એક્ટિવ કરી. તેઓ મને ગરબાના ગ્રાઉન્ડ પર રમવા લઈ જતા અને ત્યાં ગીતો વાગે એટલે મારા પગમાં ગરબા રમવા માટે થનગનાટ આવી જાય. પહેલાં હું માત્ર ટ્રેડિશનલ રમતી હવે સેમી ટ્રેડિશનલ પણ રમું છું. 100 સ્ટેપ્સ સુધીના તો દોઢિયાં રમું. મને આ વર્ષે નવરાત્રિમાં ટુ વ્હીલર પ્રાઇઝમાં મળ્યું હતું તો ગયા વર્ષે મને ટેલિવિઝન પ્રાઇઝમાં મળ્યું હતું. બેસ્ટ એનર્જેટિક ગરબા, ગ્રેસફુલ ગરબા માટે મને પ્રાઇઝ મળ્યાં છે. પહેલાં હું મારા ભાઈ સાથે ગરબા રમવા ડોમમાં જતી, હવે ગરબાના ક્લાસના બધા ગ્રુપમાં રમવા જઈએ. હું તો પાંચ છ વર્ષ પહેલાં એના ગામમાં અને અંકલેશ્વરમાં ફાલ્ગુની પાઠકના ગરબામાં રમવા જતી પણ હવે તો સુરતમાં બહુ જ સારાં આયોજન થાય છે એટલે હવે સુરતમાં જ રમું છું. નવરાત્રીમાં હું એક પણ ટ્રેડિશનલ ડ્રેસ રિપીટ નહીં કરું. મને રોજ અલગ અલગ ટ્રેડિશનલ ડ્રેસ જોઈતા હોય અને હું ટ્રેડિશનલ ડ્રેસ રેડીમેડ નથી લાવતી. મારાં મમ્મી માર્કેટમાંથી ફેબ્રિક લાવે પછી તે સ્ટિચિંગ માટે આપીએ અને હાથથી તેના પર વર્ક કરીએ. હું તો પેચ લેવા ઠેક કચ્છ પણ જઈ આવી છું. નવરાત્રિના બે મહિના પહેલાં મારી તૈયારીઓ શરૂ થઈ જાય. મારો જન્મદિવસ તિથિ પ્રમાણે આઠમા નોરતે હોય એટલે હું તો ગરબાના ગ્રાઉન્ડ પર ‘મા’ ની આરતી કરું પછી ફ્રેન્ડ્સ સાથે ત્યાં જે કાંઈ સ્વીટ્સ ડીશ મળે તે ખરીદી અમે બર્થડે સેલિબ્રેટ કરીએ. મારા ફ્રેન્ડ્સ પણ મારી બર્થડે આઠમના દિવસે જ સેલિબ્રેટ કરે.’’

બાળપણમાં દિવાળી પર દાદા કેશ આપતા જે બહુ મોટી રકમ લાગતી, કઝીન બધાં તેમાંથી પાર્ટી કરતાં: ગુંજન અગ્રવાલ

ગુંજન અગ્રવાલને દિવાળીના તહેવાર પર બધાં રિલેટિવ્ઝ ભેગાં થાય અને ગેટ ટુ ગેધર થાય તે બહુ ગમે. તેમનું કહેવું છે કે દિવાળી પર ટ્રેડિશનલ ડ્રેસ પહેરવાનો, સરસ તૈયાર થવાનું તે દરેક સ્ત્રીને ગમતું હોય છે, મને પણ ગમે છે. બાળપણમાં તો દિવાળી ક્યારે આવે, ક્યારે આખું ફેમિલી ભેગું થાય તેની રાહ જોવાતી. વેસુ વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય ગુંજન અગ્રવાલ કેફે ઓનર છે. તેમણે જણાવ્યું કે, ‘‘મને સોશ્યલાઈઝ થવું બહુ ગમે. બાળપણની વાત છે. મારાં દાદીના પાંચ દીકરા એટલે કે મારા પપ્પા અને ચાર કાકા. મારાં દાદીએ એક રૂલ બનાવ્યો હતો કે, બધા ભાઈઓના પરિવારે સાથે દિવાળી મનાવવાની. બધા કાકાનો પરિવાર ભેગો થાય એટલે દિવાળીની એટલી મજા આવે. અમે બધાં કઝિન્સ ભાઈબહેનો ધમાલમસ્તી કરી મૂકતાં. મીઠાઈઓ તો જે ખાવી હોય તે રોકટોક વગર ખાવાની. સાસરે પણ દિવાળીની મજા તો છે જ. બાળપણમાં દરેક દિવાળી પર દાદા અમને બધાં બાળકોને કેશ આપતા. તે રકમ 100-200 રૂપિયા રહેતી. તે સમયે તે બહુ મોટી રકમ હતી. શું લઈશું, શું લઈશું થતું. દાદાની એ ગિફ્ટ મારા જીવનમાં સ્પેશ્યલ હતી. અત્યારે પણ મને દિવાળી પર ટ્રેડિશનલ ડ્રેસ પહેરવા, સરસ તૈયાર થવું, ગેટ ટુ ગેધર થાય એ બધાંની એક મજા છે. હું દિવાળી પર મોટા ફટાકડા નથી ફોડતી પણ તારામંડળ, કોઠી આવા અવાજ નહીં કરતા ફટાકડા સળગાવું. મને અવાજ કરતા ફટાકડા બિલકુલ નહીં ગમે. મારા હસબન્ડને ફટાકડા ફોડવા ગમે પણ તેઓ મને ફટાકડા ફોડવા માટે ક્યારેય ફોર્સ નથી કરતા. રોશનીનો તહેવાર દરેકના જીવનમાં ખુશીઓ રૂપી રોશની ફેલાવે છે એટલે મને આ તહેવાર ગમે છે.’’

મને રંગોનો તહેવાર હોળી- ધુળેટી બહુ ગમે, દરિયાકિનારે જઈને ત્યાં હોળી રમવાનો આનંદ લઈએ: મીનુ શર્મા

મીનુ શર્માને સુરતમાં હોળીનો તહેવાર ઉજવવો બહુ ગમે. રેન પાર્ટીમાં પાણીમાં ભીંજાવાની મજા આવે. તેમની બંને દીકરીઓ તો કલર રમવા સ્પેશ્યલ વ્હાઇટ કલરનું ટી-શર્ટ ખરીદે. ભટાર વિસ્તારમાં રહેતાં 49 વર્ષીય મીનુ શર્મા ફેશન ડિઝાઈનર છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું મૂળ હરિયાણાની છું. ત્યાં તો લઠમાર હોળી રમાય. જો કે અમે લઠમાર હોળી નહોતા રમતા પણ એકબીજાને ગુલાલ લગાડવો, રંગોથી રમવું, ફૂલ મસ્તી થતી અને ઘરે હોળીનું સ્પેશ્યલ જમવાનું બનતું. મને સુરતમાં હોળીનો તહેવાર બહુ ગમે છે. મારી બે દીકરીઓને પણ ધુળેટી પર રંગોથી રમવું બહુ ગમે. બંને દીકરીઓ સ્પેશ્યલ હોળી રમવા વ્હાઇટ ટી-શર્ટ લેતી હોય. હું પણ ક્યારેક ક્યારેક વ્હાઇટ ટી-શર્ટ ખરીદું પણ મોટાભાગે હું તો હોળી પર જૂનાં કપડાં પહેરું એની પર રંગ લાગે તો ચાલે. અમે સૌથી પહેલાં ભગવાન સાથે હોળી રમીએ. ભગવાન માટે અલગથી ગુલાલ લાવીએ. ગુલાલમાં અત્તર છાંટી તે ગુલાલ ભગવાનને લગાવીએ. પછી અમે કલર્સ, પાણીના ફુગ્ગા, પાણીનું નાનું કન્ટેનર અને નાસ્તો લઈને ડુમસ કે સુંવાળીના દરિયા કિનારે પહોંચી જઈએ અને ત્યાં કલર રમીએ. એકબે કલાક રંગોની હોળી રમ્યા બાદ નાસ્તો કરીએ. નાસ્તો મોટા ભાગે ગુજરાતી ફરસાણ હોય અને સ્વીટમાં ગુજિયા (ઘૂઘરા) હોય તેની મજા લીધા બાદ વેસુમાં મારા ભાઈના ઘરે જઈએ. ત્યાં સોસાયટીમાં ખૂબ સરસ હોળી રમાતી હોય છે. ત્યાં રેન પાર્ટી થાય. રંગોથી રમીએ અને પછી સોસાયટીમાં જ જમણવાર હોય ત્યાં જમી લઈએ અને પછી મોડેથી ઘરે આવીએ. મને અને મારી બંને દીકરીઓને હોળીનો તહેવાર બહુ જ ગમે. ગયા વર્ષે અમે સુંવાળી દરિયા કિનારે હોળી રમવા ગયાં હતાં.’’

ભારતીય દરેક તહેવારની ઉજવણી પાછળનો કોઈ ઉદ્દેશ રહેલો છે, કોઈ ને કોઈ કહાની તેની પાછળ રહેલી છે, કોઈ ને કોઈ સંદેશો રહેલો હોય છે. દિવાળી દરેકના જીવનમાં રોશની ફેલાવવાનો સંદેશ આપે છે, ધુળેટી દરેકના જીવનમાં ખુશી, હર્ષ, ઉલ્લાસના રંગો ફેલાવવાનો સંદેશ આપે છે. દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ ગુણ રહેલા હોય છે. કોઈને બીજાના જીવનમાં અજવાળું ફેલાવવાનું ગમતું હોય તો કોઈને બીજાના જીવનમાં ખુશીના રંગો ફેલાવવાનું ગમતું હોય એટલે એમને જે ગમતું હોય તેને રિલેટેડ ફેસ્ટિવલ્સ ગમતા હોય છે. યંગસ્ટર્સને નવરાત્રી, ધુળેટી, પતંગ પર્વ ગમતો હોય. કોઈ ને કોઈ એક તહેવાર સૌથી વધારે ગમતો હોય તો તે પાછળ કોઈ ને કોઈ હૃદયસ્પર્શી કહાની કે ભાવના છુપાયેલી હોય છે. હવે દિવાળીનો તહેવાર નજદીક છે તો ઘણા સુરતીઓને રોશનીનું આ પર્વ ગમતું જ હશે. તો ચાલો ગમતાનો કરીએ ગુલાલ. ‘સન્નારી’ના તમામ વાચકોને એડવાન્સમાં Happy Diwali.